ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૩૦ ટકા

# શહેરના પ્રવેશદ્વારો પર ટ્રાફિકજામના દૃશ્યો

ગાંધીનગર, તા.૧૯

શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી લગ્નસરાની મોસમને કારણે મુખ્યમાર્ગો પર મોડી સાંજે ટ્રાફિક જામના દૃશ્યો સર્જાય છે. આગામી દિવસોમાં પણ લગ્નસરાને પગલે ટ્રાફિક સર્જાવાની શકયતા છે.

અત્યારે લગ્નસરાની મોસમ પૂરબહારમાં ખીલી છે ત્યારે કોબા સર્કલથી એરપોર્ટ સર્કલ સુધી આવેલા અનેક પાર્ટીપ્લોટોના કારણે ટ્રાફિક જામના દૃશ્યો ઉભા થાય છે. ગાંધીનગર શહેરના પ્રવેશદ્વાર ઘ-૦ અને ચ-૦ તથા શાહપુર ચોકડી અને સરગાસણ ચોકડી પાસે છેલ્લા ત્રણ દિવસથી વાહનોની અવરજવરનું પ્રમાણ વધ્યું છે. શહેરમાં સાંજના ૬.૩૦ થી ૧૦ વાગ્યા દરમિયાન નાગરિકો ૪૦ થી ૪૫ મિનિટ સુધી ટ્રાફિકમાં અટવાયેલા રહે છે. ઉલ્લેખનીય છે કે, હજુ આગામી બે દિવસ સુધી નાગરિકોને આ પ્રકારની હાલાકી ભોગવવી પડશે. શહેરમાં સર્જાતા ટ્રાફિકને પગલે નાગરિકોને એક સ્થળેથી બીજા સ્થળે સમયસર પહોંચવામાં કનડગત થઈ રહી છે.

ગાંધીનગર શહેરમાં પહોળા રસ્તા હોવાને લીધે લોકો સરળતાથી આવનજાવન કરી શકે છે. મોટા તથા પહોળા રસ્તા હોવા છતાં શહેરમાં મહાત્મા મંદિર ખાતે અવારનવાર યોજાતા કાર્યક્રમો તેમજ લગ્નસરા નિમિત્તે ટ્રાફિકના પ્રશ્નો સર્જાય છે. આવા સમયે રસ્તાઓ પર ટ્રાફિક પોલિસ તથા સિગ્નલોની તાતી જરૂરિયાત સર્જાતી હોય છે. ટ્રાફિક વિહીન રસ્તાઓ પર ટ્રાફિકજામના સમયે ટ્રાફિક પોલિસની હાજરી ઓછી જોવા મળે છે. શહેરમાં સર્જાતી ટ્રાફિકજામની સમસ્યાનું ફલાયઓવર બનાવીને સમાધાન કરી શકાય તેમ છે તે છતાંય લોકોને કલાકો સુધી ટ્રાફિકમાં હેરાનગતિ ભોગવવી પડે છે. ટ્રાફિકમાં વાહન ચલાવવા ન ટેવાયેલા ગાંધીનગરાઓને ટ્રાફિકજામ સમયે ઘણી અગવડતા વેઠવી પડે છે. સુંદર રીતે આયોજન કરીને ઘડવામાં આવેલા આ શહેરમાં ટ્રાફિકજામના પ્રશ્નો ધીરે ધીરે ઉભા થઈ રહ્યા છે. આ પ્રશ્નોનો તાત્કાલિક નિકાલ કરવામાં આવે તે હિતાવહ છે.



## વાતવાતમાં

● નવી રાજ્ય સરકારની વિધાનસભાનું પ્રથમ સત્ર નવા સંકુલમાં યોજાયું હતું. વિધાનસભા સંકુલની તદ્દન નવી બનેલી ફર્શના કારણે મંત્રી પુરુષોત્તમ સોલંકી ગૃહમાં આવી રહ્યા હતા ત્યારે ગબડી પડયા હતા.

● કેનેડાના પ્રધાનમંત્રીની અક્ષરધામ ખાતેની મુલાકાતના કારણે ગાંધીનગર-અમદાવાદ વચ્ચેનો ટ્રાફિક અનેક સ્થળે રોકી દેવામાં આવ્યો હતો. કેનેડિયન વડાપ્રધાન ગાંધી આશ્રમથી અક્ષરધામ તરફ જઈ રહ્યા હતા ત્યારે ટ્રાફિક રોકવાને પગલે શહેરી બસ સેવાના મુસાફરો પોણા કલાક જેટલા મોડા પહોંચવા પામ્યા હતા.

● ગાંધીનગર-અમદાવાદ શહેરી બસ સેવાની આશ્રમરોડ રૂટની એક બસને રાણીપ એસટી ડેપો ખાતે લઈ જવાતા મુસાફરોએ વિરોધ કર્યો હતો. જો કે કન્ડકટર દ્વારા હવે આ રૂટની તમામ શહેરી સેવાની બસોને ફરજિયાત રાણીપ એસટી ડેપો લઈ જવાની સૂચના હોવાનું જણાવતા મુસાફરો સાથે ઉગ્ર દલીલો થવા પામી હતી.

# વિદ્યાર્થીનીઓ માટે મહિલા રોગો સંબંધિત જાગૃતિ કાર્યક્રમ યોજાયો

### સરકારી આયુર્વેદ હોસ્પિટલના સહયોગથી વિજ્ઞાન કોલેજ ખાતે હેપ્પી યુથ ક્લબનું આયોજન

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર સેક્ટર ૧૫ ખાતે ની સરકારી વિજ્ઞાન કોલેજના કોલેજીયેટ વિમેન્સ ડેવલપમેન્ટ સેલ-સીડબલ્યુડીસી યુનિટ તેમજ હેપ્પી યુથ કલબના સંયુક્ત ઉપક્રમે સેકટર-૨૨ ખાતેની સરકારી આયુર્વેદ હોસ્પિટલના સહયોગથી તા.૧૭મી ફેબ્રુઆરીના રોજ વિજ્ઞાન કોલેજના બાયસેગ હૉલ ખાતે વિદ્યાર્થીનીઓને મહિલા આરોગ્યને લગતી સમસ્યાઓની જાણકારી આપવા માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સરકારી આયુર્વેદ હોસ્પિટલના



આયુર્વેદાચાર્ય ડો. ધરાબેન જાદવ, કોલેજના આચાર્ય શ્રી ડો. કે.જી. છાયા અને હેપ્પી યુથ કલબના પ્રમુખ સમીર રામી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના મુખ્ય વક્તા ડો. ધરાબેન જાદવ દ્વારા વિદ્યાર્થીનીઓને મહિલા આરોગ્યને લગતી સમસ્યાઓ વિશે જાણકારી અને રોજબરોજના જીવનમાં રાખવાની સાવચેતીઓ તથા હાથવગા ઘરઘથ્થુ પ્રાથમીક ઉપચારો અંગે માહિતી આપવામાં આવી હતી. ડો.ધરાબેને પ્રશ્નોતરી દ્વારા વિદ્યાર્થીનીઓની સમસ્યાઓનો ઉકેલ પણ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રી ડો. કે.જી. છાયાના માર્ગદર્શન હેઠળ સીડબલ્યુડીસી સમિતિના સભ્યો ડો. કિરણ નિમાવત, જયશ્રીબેન પંડયા, ડો. જીજ્ઞાસાબેન વાઘેલા તથા ડો. દિપ્તી ડોડીયા ના સહયોગ તથા પ્રયાસોથી સફળ રહ્યું હતું.

# સે-૩માં બંધ મકાનનું તાળુ તોડી તસ્કરો હાથફેરો કરી ગયા

### લગ્નપ્રસંગે હાજરી આપવા ચાણસ્મા ગયેલા પરિવારના બંધ મકાનમાંથી તસ્કરો દાગીના ઉઠાવી ગયા

ગાંધીનગર, તા.૧૯

શહેરના સે-૩-સી ખાતે રહેતું એક પરિવાર પોતાના મકાનને તાળુ મારીને ચાણસ્મા ખાતે લગ્નપ્રસંગે હાજરી આપવા ગયા હતા તે દરમિયાન તેમના બંધ મકાનનું તાળુ તોડી તસ્કરો હાથફેરો કરી ગયા હતા. મકાનમાં ઘુસીને અંદરથી રૂ. ૯૩ હજારની મત્તાના દાગીના ઉઠાવી તસ્કર ટોળકી રફફુચક્કર થઈ ગઈ હતી. મકાનમાલિકની ફરિયાદને આધારે સે-૭ પોલિસ ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

ગાંધીનગરના સેકટર-૩-સી પ્લોટ નં. ૬૦૫/૨ ખાતે રહેતા મનસુખભાઈ મફાભાઈ પાલોદરા ૧૭ તારીખે તેમના પત્ની સાથે ચાણસ્મા ખાતે સાળીને ત્યાં લગ્ન પ્રસંગે ગયા હતા. સે-૩ના તેમના બંધ મકાનનું તાળુ આજે સવારે તુટેલું જોઈ પડોશીએ મનસુખભાઈને ફોન કરીને જાણ કરી હતી. ઘરે આવીને મનસુખભાઈએ જોયું તો તસ્કરો તેમના મકાનનું તાળુ તોડી અંદર ઘુસીને હાથ સાફ કરી ગયા હતા. તેમના બંધ મકાનમાંથી રૂ.૯૩ હજારના સોના ચાંદીના દાગીના ચોરી તસ્કરો ફરાર થઈ ગયા સંદર્ભે સે-૭ પોલિસ મથકમાં ફરિયાદ આપતા પોલિસે ગુનો દાખલ કરી તપાસનો દોર શરુ કર્યો છે.

## વિજ કરંટથી પેથાપુરના કિશોરનું કરૂણ મૃત્યુ પાણીની મોટર બંધ કરવા જતા કિશોરને કરંટ લાગી ગયો

ગાંધીનગર, તા.૧૯

પેથાપુર ખાતે રહેતો ૧૭ વર્ષીય કિશોર મહાવિરસિંહ જયપાલસિંહ ચાવડા નવા બની રહેલા મકાનમાં પાણી છાંટી રહ્યો હતો. પરિવારજનો લગ્ન પ્રસંગે હાજરી આપવા બહાર ગયા હતા. દરમિયાન પાણી છાંટી પાણીની મોટર બંધ કરવા જતા અચાનક કોઈ રીતે વિજ કરંટ લાગતા કિશોર મહાવિરસિંહ ગંભીર રીતે દાઝી ગયો હતો અને કરંટ લાગતા દાઝી જવાથી કરૂણ મૃત્યુ નિપજયું હતું. આ ઘટનાને પગલે પેથાપુર ગામમાં ગમગીની છવાઈ જવા પામી છે. પેથાપુર પોલિસે અકસ્માત મોતનો ગુનો નોંધી ઘટનાની તપાસ શરુ કરી છે.



ગાંધીનગર મેડીકલ કોલેજના પટાંગણમાં રહેલ તોંતિગ વૃક્ષ અચાનક સવારના સમયે નમી ગયું હતું. આ વૃક્ષ જે સાઈડ પડ્યું ત્યા મોટાભાગે કાર પાર્કીંગ થાય છે. જેથી વૃક્ષ એક કાર પર પડતા કારને નુકશાન થવા પામ્યું હતું. વૃક્ષ પડ્યાની વાત કેમ્પસમાં ચર્ચાનું કેન્દ્ર બની હતી. જયારે તાત્કાલીક મેડીકલ તંત્ર દ્વારા વન વિભાગ ને જાણ કરવામાં આવી હતી.જેથી વનવિભાગે ટીમ મોકલી આપી વૃક્ષ હટાવવાની કામગીરી કરી હતી. ત્યારે આગામી સમયમાં આવા ગમે ત્યારે નમી પડે તેવા વૃક્ષ સિવિલ કેમ્પસમાંથી દુર કરવામાં આવે તો નવાઈ નહી.

# જે.એમ. ચૌધરી શાળાના તેજસ્વી તારલાઓને સન્માનવામાં આવ્યા

ગાંધીનગર, તા.૧૯

અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં ઈનામ વિતરણ તથા શુભેચ્છા સમારંભ યોજવામાં આવ્યો હતો.

શાળાના ઈનામ વિતરણ સમારોહમાં ઈન્કમટેક્ષ જોઈન્ટ સેક્રેટરી યોગેશ રાવલ, રોજગાર વિનિમય કચેરીના અધિકારી મીનાક્ષીબેન, ગાયત્રી પરિવારના નટુ પંચાલ તેમજ તેમના સાથી મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરીભાઈ ચૌધરી, ઉપપ્રમુખ શંકરભાઈ ચૌધરી, અન્ય પદાધિકારીઓ અને ભગિની સંસ્થાના વડા પણ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોએ વિદ્યાર્થીઓને નેશનલ, રાજય, જિલ્લા તથા તાલુકા કક્ષાના ઈનામો આપ્યા હતા.

શાળામાં ભણવામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે દરેક વિષયમાં ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીનીઓને ઈનામ તથા સ્કોલરશિપ આપીને પ્રોત્સાહિત કરવામાં આવી હતી. શાળાની ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આપવા જઈ રહેલી વિદ્યાર્થીનીઓ માટે શાસ્ત્રોકત વિધિ સાથે ગાયત્રી પરિવાર દ્વારા પુષ્પ અભિવૃષ્ટિ કરીને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્યાએ ઉપસ્થિત મહેમાનોનું મોમેન્ટો તેમજ પુસ્તક આપીને સ્વાગત કર્યું હતું. આ ઉપરાંત, કાર્યક્રમમાં શાળાની વાર્ષિક પ્રવૃત્તિનો અહેવાલ પણ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. ધોરણ-૧૦ અને ૧૨મા વિદ્યાર્થીનીઓને ૧૦ અને ૧૨ પછી શું કરવું તેના વિષયક માહિતી રોજગાર કચેરીના અધિકારી દ્વારા આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગીતા પટેલ તથા ઉર્મિલા ચૌધરીએ કર્યું હતું.

# લોદ્રા પાસેથી ચોરીના લેપટોપ સાથે ઈસમને ઝડપી પાડતી એલસીબી

ગાંધીનગર, તા.૧૯

હિંમતનગર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં થયેલ ઘરફોડ ચોરીના આરોપીને ગાંધીનગર એલસીબી ટીમના સભ્યોએ માણસા તાલુકાના લોદ્રા ગામ પાસેથી ચોરીના લેપટોપ તેમજ ચાર્જર સહિતના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી ટીમના સભ્યો માણસા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન તે સમયે અ.હે.કો.મનુજી બેચરજી, તથા પો.કો. નરેશકુમાર પરબતભાઈને ખાનગી રાહે બાતમી મળી હતી કે લોદ્રા ગામ પાસે એક યુવાન ચોરીની ચીજવસ્તુ સાથે આવવાનો છે. જેને પગલે ટીમના સભ્યો લોદ્રા ખાતે ગોઠવાઈ ગયા હતા. બાતમીવાળી વ્યકિત વિષ્ણુ પ્રહલાદભાઈ વાઘરી રહે.બદપુરા, તા.માણસા, જિ-ગાંધીનગરવાળાને થેલામાંથી ચોરીના લેપટોપ સાથે ઝડપી પાડ્યો હતો. ઉપરોકત મળી આવેલ ડેલ કંપનીના લેપટોપ ચાર્જર સહિત કિ.રૂ. ૩૫.૫૦૦ અંગે પુછતા તેણે આ લેપટોપ નવ દિવસ અગાઉ હિંમતનગરના આંબાવાડી વિસ્તારના એક ઘરફોડ દરમિયાન ચોરી કરી હોવાનું જણાવ્યું હતું. જેથી રેકર્ડ પર ખાતરી કરતા હિંમતનગર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનોં પણ નોંધાયેલ છે. આ ઈસમ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તેમ એલસીબી પીઆઈ જે.ડી.પુરોહિતે જણાવ્યું છે.



# યુએસએની આઈએમએ પીડીપીયુ ખાતે કોમર્સ ફલેગશીપ પ્રોગ્રામ ચલાવશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર ખાતેની પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટીની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝ તથા ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટસ દ્વારા કોમર્સના ફલેગશિપ પ્રોગ્રામ અંગે યુએસએની વિલિ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ તથા માઈલ્સ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લિમિટેડ સાથે એમઓયુ સાઈન કરવામાં આવ્યું છે. આ



એમઓયુ અંતર્ગત સીએમએ પ્રોગ્રામ એ ભારતના આઈસીડબલ્યુએ સમકક્ષ હોવા સાથે તેને યુએસએની આઈએમએ સંસ્થા દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યો છે.

સીએમએ પ્રોગ્રામ માટે થયેલા એમઓયુની પ્રસંશા કરતા પીડીપીયુના જનરલ ડિરેકટર પ્રો. ટી.કિશનકુમાર રેડ્ડીએ જણાવ્યું હતું કે 'આ પ્રોગ્રામ સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના કોમર્સના વિદ્યાર્થીઓ માટે ખૂબ જ લાભદાયક નિવડશે. આ પ્રોગ્રામના કારણે વિદ્યાર્થીઓની ક્ષમતા આંતરરાષ્ટ્રીય ધોરણે સમૃધ્ધ થશે.' આ પ્રોગ્રામ માટે યુએસએની આઈએમએ સંસ્થા તથા વિલી ઈન્ડિયા અને માઈલ્સ પબ્લિકેશન્સ દ્વારા ફેકલ્ટીઝ પુરા પાડવામાં આવશે. આ એમઓયુ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ એકાઉન્ટસના વાઈસ પ્રેસિડેન્ટ જિમ ગુરોવકા, વિલિ ઈન્ડિયાના મેનેજિંગ ડિરેકટર વિકાસ ગુપ્તા, માઈલ્સ પબ્લિકેશન્સના મેનેજિંગ ડિરેકટર વસણ જૈન તથા પીડીપીયુના રજીસ્ટ્રાર પ્રો. તરૂણ શાહ દ્વારા સાઈન કરવામાં આવ્યું હતું.

# ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટી ખાતે વિશ્વની સૌ પ્રથમ કન્ડકટર ટેસ્ટીંગ લેબોરેટરીનું ખાત મુહુર્ત

ગાંધીનગર, તા.૧૯

કેનેડા સ્થિત કાઈનેટ્રીકસ ઈન્ટરનેશનલ કંપનીએ જી.એફ.એસ.યુ. સાથે ગુજરાત વાઈબ્રન્ટ ૨૦૧૭માં એમ.ઓ.યુ. કર્યા હતા. એમ.ઓ.યુ. હેઠળ કાઈનેટ્રીકસ ઈન્ટરનેશનલ કંપની અને જી.એફ.એસ.યુ. દ્વારા સંયુકત રીતે હાઈકેપેસીટી કન્કડકટરની ચકાસણી માટેની વિશ્વની સૌ પ્રથમ કન્ડકટર ટેસ્ટીંગ લેબોરેટરી જી.એફ.એસ.યુ. ખાતે સ્થાપવાનું ભૂમિપૂજન અને ખાતમુહુર્ત કર્યું હતું. જે ઉદઘાટન કાર્યક્રમમાં ઉર્જા મંત્રી સૌરભભાઈ પટેલ ગુજરાત રાજય, માનનીય સાયન્સ મંત્રી ક્રિસ્ટી ડંકન-કેનેડા, એમ.એસ. ડાગુર અધિક મુખ્ય સચિવ (ગૃહ)-ગુજરાત રાજય, ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિ.ના મહાનિયામક ડૉ.



જે.એમ. વ્યાસ, ડૉ. પોલ સિપ્કંસ, ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિ.ના અધિકારીઓ ફેકલ્ટી મેમ્બર્સ અને વિદ્યાર્થી ગણે ખુબ જ બહોળી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. આ વિશ્વની સૌ પ્રથમ કન્ડકટર ટેસ્ટીંગ લેબોરેટરીની આધાર શિલાનું અનાવરણ કેનેડાના સાયન્સ મંત્રી શ્રીમતી ક્રિસ્ટી ડંકન દ્વારા કરવામાં આવ્યું હતું.

પ્રાસંગિક ઉદબોધનમાં ઉર્જા મંત્રી સૌરભભાઈ પટેલ, ગુજરત રાજય દ્વારા હાઈ કેપેસીટી કન્ડકટરની ચકાસણી માટેની આ વિશ્વની સૌ પ્રથમ અને એકમાત્ર લેબોરેટરીની સ્થાપનાને ગુજરાત રાજય તથા ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટી માટે એક ખુબ મોટી ઉપલબ્ધિ ગણાવી તેમણે વધુમાં જણાવેલ કે, આ લેબોરેટરીનો ઉપયોગ માત્ર દેશની નહિ પરંતુ દુનિયાભરની પાવર ટ્રાન્સમીશનને સંબંધિત કંપનીઓ પોતાના હાઈ પાવર ટ્રાન્સમીશનના ટેસ્ટીંગ અને રીસર્ચ માટે કરી શકે. જેથી પાવર ટ્રાન્સમીશનને લગતી ખોટ ઘટાડી શકશે જેનો સીધો ફાયદો દેશની જનતાને મળશે. તદઉપરાંત કેનેડા અને ભારત વચ્ચેના વેપારી સંબંધો વધારે મજબૂત બનશે.

# ઈન્ડેક્ષ્ટ-સી દ્વારા કુટિર ગ્રામોદ્યોગના કારીગરોની તાલીમ શરૂ કરાઈ

ગુજરાત સરકારના કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગ હેઠળ કામગીરી કરતા ઈન્ડસ્ટ્રીયલ એક્ષટેન્શન કોટેજ દ્વારા રોજગારીમાં વધારો કરવાની સરકારની નવી યોજના અન્વયે ભરતકામના કારીગરોને નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ફેશન ટેકનોલોજી દ્વારા ૧૯મી ફેબ્રુઆરીથી તાલીમ શરુ કરવામાં આવી છે.



ઈન્ડેક્ષ્ટ-સી દ્વારા સરકારની રોજગારીમાં વધારો કરવાની નવી યોજના અન્વયે વંશપરંપરાગત કારીગરો, કુશળ કારીગરોને સ્કીલ અપગ્રેડેશન, આધુનિક સાધનો પુરા પડવા, ખ્યાતનામ સંસ્થાઓ સાથે સમન્વય દ્વારા ભરતકામના કારીગરોને ગાંધીનગરની નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ફેશન ટેકનોલોજી દ્વારા ૧૯મી ફેબ્રુઆરીએ તાલીમ શરુ કરીને યોજનાનો અમલ કરવામાં આવ્યો હતો. આ પ્રસગે ઈન્ડેક્ષ્ટ-સીના કાર્યવાહક નિયામક પી.જી. પટેલ, કુટિર અને ગ્રામોદ્યોગના સંયુકત નિયામક એમ.જે. મહેતા, તાલીમ મેનેજર પી.ટી. પરમાર તથા આ.પી.ઓ આર.પી. સુતરીયા ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત સરકારની રોજગારમાં વધારો કરવાની યોજનામાં ગુજરાત રાજયના તમામ વંશપરંપરાગત કારીગરો, કુશળ કારીગરો, ઈન્ડેક્ષ્ટ-સી, ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થા, ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, ગ્રીમકો તથા અન્ય વિભાગો સાથે સંકળાયેલ અંદાજીત ૩૦૦૦ જેટલા કારીગરનું સ્કીલ અપગ્રેડેશન કરીને આધુનિક સાધનો પુરા પાડવા, ખ્યાતનામ સંસ્થાઓ તથા ઉત્પાદન એકમો સાથે સમન્વય દ્વારા કારીગરોની કુશળતામાં વધારો કરવામાં આવશે.

## ચિરવિદાય

- સ્વ. કોકીલાબેન શંભુજી ઠાકોર, ઉ.વ.૪૬
- સ્વ. કેશવલાલ નારાયણદાસ રાઠોડ, ઉ.વ.૮૫
- સ્વ. પ્રશાંત મહેશભાઈ પરમાર, ઉ.વ.૨૩
- સ્વ. મહાવીર સિંહ જસપાલસિંહ ચાવડા, ઉ.વ.૧૭